Commissionerate of Technical Education, Gandhinagar
કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર

| | |
|---|---|
| કર્મયોગી ભવન, બ્લોક નં:૨, છઠ્ઠો માળ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦ | Karmyogi Bhavan, Block No: 2, 6th Floor, Sector - 10-A, Gandhinagar – 382 010 |
| (079) 232 53546<br>URL : http://dte.gswan.gov.in | FAX : (079) 232 53539<br>GRAM : EDUTECH(N) |

E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in

ક્રમાંક: જીઈસી/સહા.પ્રા./રબર ટેકનોલોજી/૨૦૧૬/ઘ-૨/ ૬૪૮૬ તા.

વંચાણે લીધા:-

૧. સરકારશ્રી શિ. વિ. ના તા. ૨૩/૦૪/૯૮ ના ઠરાવ ક્રમાંક: એસસીટી-૧૦૯૭-૧૮૧-ઘ

૨. સરકારશ્રી શિ. વિ. ના તા.૦૨/૦૨/૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીઇસી-૧૧૨૦૧૫-૧૨૨૦-ઘ

કચેરી આદેશ:-

ઉપરોક્ત વંચાણે લીધેલ ઠરાવ-૨ હેઠળ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ માં સરકારી ઈજનેરી કૉલેજો ખાતે સહાયક પ્રાધ્યાપક રબર ટેકનોલોજી વર્ગ-૨ ની જગ્યા માટે પસંદ થયેલા નીચેના ઉમેદવારને રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ (પે બેન્ડ-૩) માં રૂ ૬૦૦૦ ના ગ્રેડ-પે ના પગાર ધોરણમાં સીધી ભરતી દ્વારા બે વર્ષના અજમાયશી સમય પર હંગામી ધોરણે ક્રમ-૧ થી મળેલ સત્તાની રૂએ તેઓના નામ સામે દર્શાવેલ સ્થળે નીચેની શરતે નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | નામ | નિમણૂંકનુ સ્થળ | કેટેગરી |
|---|---|---|---|
| 1 | MR.GNANU GHANSHYAMBHAI BHATT | L. D. COLLEGE OF ENGINEERING, AHAMEDABAD | GENERAL |

શરતો:-

૧. અજમાયશી સમય દરમિયાન સહાયક પ્રાધ્યાપકની જગ્યાના પગાર ધોરણમા લઘુત્તમ પગાર અને તેના પરં મળવા પાત્ર અન્ય ભથ્થા મળવા પાત્ર થશે અને અજમાયશી સમયની મુદત પુરી થાય તે દરમિયાના તે જ પગાર મેળવશે અને કોઇ ઈજાફા મેળવવા પાત્ર થશે નહી. અજમાયશી મુદત પુરી થયે નિયમિત ધોરણે સહાયક પ્રાધ્યાપકની જગ્યાએ નિમણૂંક થયા બાદ જ સામાન્ય દરે ઇજાફા મળવા પાત્ર થશે.

૨. આકસ્મિક રજા સિવાયની કોઇ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમિયાન લેવામાં આવશે તો અજમાયશી સમયની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.

૩. સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઇ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે અને તેઓ રાજ્યમાં કોઈપણ સ્થળે બદલી પાત્ર રહેશે.

૪. અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક નહીં હોય તો અજમાયશી સમય દરમિયાન અથવા અજમાયશી સમય પુર્ણ થતાં તેઓની અજમાયશી સેવાનો અંત લાવવામાં આવશે.

૫. ઉક્ત ઉમેદવારો પાસેથી તેઓના ચારિત્ર્ય અને વર્તણુંક અંગેના પોલીસ અહેવાલની બાંહેધરી આ કચેરીમાં મેળવી લેવામાં આવેલ છે.

જ્યારે શારીરિક યોગ્યતા તબીબી પ્રમાણપત્ર માટે ઉમેદવારને સબંધિત સ્થાયી તબીબીપંચ પાસે મોકલવાની જરૂરી કાર્યવાહી સબંધિત સંસ્થાના વડાએ કરી જરૂરી પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. આ કાર્યવાહી નિમણુંક થયાના હુકમથી ત્રણ માસમાં પુરી કરવાની રહેશે અને તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

૬. સરકારે નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષાકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા જે કોઇ નિયત કરવામાં આવે તે તેઓએ પાસ કરવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં ઠરાવેલ સમયમર્યાદામાં ભાષાકીય પરીક્ષા ઉતિર્ણ કરવામાં નહી આવે તો, ત્યાર પછીના ઈજાફા તેઓ તેવી પરીક્ષા પાસ કરે નહી ત્યાં સુધી અટકાવવામાં આવશે.

૭. ૩૦ દિવસ ની નિયત સમયમર્યાદામાં ફરજ પર હાજર થયેલ ઉમેદવારોની સીનીયોરીટી આયોગે આપેલ ક્રમ મુજબ રહેશે.

૮. પગાર, રજા, પેન્શન, વર્તણુંક વિગેરે સેવા વિષયક અને શિસ્ત વિષયક અન્ય બાબતો સેવાની શરતો ગુજરાત મુલ્કી સેવા નિયમો, ગુજરાત મુલ્કી સેવા(વર્તણુંક) નિયમો અને ગુજરાત મુલ્કી સેવા(શિસ્ત અને અપીલ) નિયમો વગેરે સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતો વખત બહાર પાડેલ નિયમોને આધીન રહેશે.

૯. ઉમેદવારોને નિમણુંકની જગ્યાએ, હાજર કરતા પહેલાં જગ્યાની ભરતી નિયમો પ્રમાણે શૈક્ષણિક લાયકાત અને/અથવા અનુભવ, ઉંમર, નાગરિકત્વ વિગેરે બાબતોની જોગવાઈ સંતોષે છે કે કેમ, તેની ખરાઈ સંસ્થા કક્ષાએથી કરવાની રહેશે તથા તે અંગેના અસલ પ્રમાણપત્રોની ખરાઇ કરવાની રહેશે.

૧૦. સીધી ભરતીથી નિમણુંક મેળવનાર ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦/૦૯/૨૦૦૬ ના જાહેરનામા ક્રમાંક: જીએસ-૨૦૦૬-૩૧-કતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક તથા સરકારશ્રીના વખતો વખતના સબંધિત આદેશો અનુસાર લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી.+ ની પરીક્ષા અજમાયશી સમય દરમ્યાન પાસ કરવાની રહેશે અજમાયશી સમય દરમ્યાન પરીક્ષા પાસ ન કરે તેઓને નિયમોનુસાર અજમાયશી સમય લંબાવી શકાશે. તે સમય દરમ્યાન પણ જો પરીક્ષા પાસ ન કરે તો તેમની સેવા સમાપ્ત કરવાની રહેશે. સબંધિત પરીક્ષા પસાર કર્યે તેઓને સેવામાં પરત લઈ શકાશે.

૧૧. ઉમેદવારે ઉપરની શરતો વાંચી, સમજીને નિમણુંક સ્વિકાર્ય છે તે મતલબનું એકરારનામુ નોકરીમાં હાજર થતી વખતે સબંધિત સંસ્થાના આચાર્યશ્રીને આપવાનું રહેશે.

<u>નોંધ પર કમિશ્નરશ્રીની સહી છે.</u>

સંયુક્ત ટેકનીકલ શિક્ષણ નિયામક(મહેકમ)

<u>નકલ સાદર રવાના:-</u>

૧. અગ્ર સચિવશ્રી, ઉચ્ચ અને ;. તાંત્રિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ

૨. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ તરફ જાણ સારૂ (શિ. વિ. મારફતે)

<u>નકલ રવાના:-</u>

૧. સંબંધિત સંસ્થાના આચાર્યશ્રી  તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૨. વડી કચેરીની શાખા 'છ', 'ચ', ઘ-૫ તથા ખાનગી શાખા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૩. વડી કચેરી, કોમ્પ્યુટર શાખા તરફ જાણ તેમજ સ્કેન કરવા સારૂ.
૪. કચેરી આદેશ ફાઇલ (ઘ-૨)

<u>નકલ રવાના:- રજી. એ. ડી. દ્વારા</u>

| NO | NAME | ADDRESS |
|---|---|---|
| 1 | MR.GNANU GHANSHYAMBHAI BHATT | 22, DEVANSH HARMONEY NEAR LAPKAMAN LAKE, OGNAJ – VADSARA ROAD, LAPKAMAN, GANDHINAGAR -380060 |